
નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

06



જાનૂએ બલૂન કેવી રીતે બનાવ્યું





નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

06

જાનૂએ બલૂન કેવી રીતે બનાવ્યું

અનુવાદ: દીપ્તિ રાજુ

બોરિસ કૈલાશિન દ્વારા ચિત્રો







જાનૂ, ખૂબ જ વાંચનપ્રેમી હતો, તેણે પ્રવાસ વિશેનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં. ઘણી વાર સાંજે તે પોતાના મિત્રોને તેણે શું વાંચ્યું હતું તેની વાતો સંભળાવતો. માઇટ્સને તેની વાર્તાઓ સાંભળવી ખૂબ ગમતી. તેમણે ક્યારેય ન જોયેલા દેશો વિશે સાંભળવું તેમને ગમતું, પરંતુ તેમને સૌથી વધુ ગમતી હતી પ્રસિદ્ધ પ્રવાસીઓની વાર્તાઓ, કારણ કે પ્રવાસીઓ સાથે હંમેશાં સૌથી અદ્ભુત ઘટનાઓ બનતી જ રહેતી હોય છે.
આવી ઘણી વાર્તાઓ સાંભળ્યા પછી માઇટ્સએ નક્કી કર્યું કે તેઓ પણ એક લાંબી મુસાફરી પર જશે. કેટલાકે પગપાળા પ્રવાસે જવાની સલાહ આપી, તો કેટલાકે નદીમાં હોડીઓ લઈને નીકળી પડવાની સલાહ આપી.
પણ જાનૂએ કહ્યું:
"ચાલો, આપણે એક બલૂન બનાવીએ અને હવામાં ઊડીને પ્રવાસ કરીએ."

આ સૂચનથી બધાં ખૂબ જ ખુશ થઈ ગયા. તેમનામાંથી કોઈ પણ ક્યારેય આકાશમાં ઊડ્યું નહોતું, અને તેમને ખાતરી હતી કે એ તો બહુ જ આનંદદાયક અનુભવ હશે. ખરેખર, બલૂન કેવી રીતે બનાવવું તેની તેમને કંઈ જ ખબર નહોતી, પરંતુ જાનૂએ કહ્યું કે તે બધું વિચારી કાઢશે અને પછી સૌને શું કરવું તે જણાવી દેશે અને તેથી તેણે વિચારવાનું શરૂ કર્યું. તેણે ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી વિચાર કર્યો, અને અંતે નક્કી કર્યું કે બલૂન રબરનું બનાવવું. માઇટ્સ પાસે રબર હતું. તેમના શહેરમાં રબરના છોડ જેવા દેખાતા ઘણા છોડ ઉગતા હતા. તેઓ તે છોડની ડાળીઓમાં નાનાં ચીરા પાડતાં અને તેમાંથી નીકળતો રસ એકત્ર કરતા. ધીમે ધીમે એ રસ ઘટ્ટ બની જતો અને રબરમાં ફેરવાઈ જતો, જેમાંથી તેઓ રબરના દડા અને વરસાદી જૂતાં બનાવતા.
જાનૂએ જેમ જ નક્કી કર્યું કે બલૂન રબરનું બનાવવું, તેણે તરત જ માઇટ્સને રસ એકત્ર કરવા મોકલ્યા અને તે રસ આ કામ માટે ખાસ તૈયાર કરેલા મોટા પીપમાં રેડવા કહ્યું. રબરનાં ઝાડો તરફ જતા રસ્તામાં જાનૂને તેનો મિત્ર ગંકી બે નાની માઇટ્સ છોકરીઓ સાથે કૂદકાં મારતો મળ્યો.





“ગંકી જો તને ખબર પડે કે અમે શું કરવા જઈ રહ્યા છીએ,” જાનૂએ કહ્યું, “તો તું ઈર્ષ્યાથી મરી જઈશ!”

“હું તો બિલકુલ નહીં મરું!” ગંકીએ જવાબ આપ્યો. “મારો મરવાનો કોઈ ઈરાદો નથી.”

“મરી જઈશ, મરી જઈશ!” જાનૂ ગાતાં ગાતાં બોલ્યો. “જો તને ખબર પડે તો!”

“સારું, તો બોલ શું છે?” ગંકીએ પૂછ્યું.

“અમે એક બલૂન બનાવવાના છીએ અને હવામાં ઊડીને પ્રવાસે જવાના છીએ!”





ગંકી ઈર્ષ્યાથી સાવ લીલો થઈ ગયો. પોતે પણ કંઈક શેખી મારવી જોઈએ એવું તેને લાગ્યું, એટલે તેણે કહ્યું:
“હૂં! બલૂનનું શું મોટું કામ! મારી પાસે તો રમવા માટે બે નાની માઇટ છોકરીઓ છે.”
“એ કોણ છે?” જાનૂએ પૂછ્યું.
“આ,” ગંકીએ પોતાની સાથીઓ તરફ આંગળી ચીંધીને કહ્યું, “આનું નામ પી-વી છે અને બીજીનું નામ ટિંકલ છે.”
પી-વી અને ટિંકલે જાનૂ તરફ શંકાભરી નજરે જોયું.
જાનૂએ પણ તેમની તરફ આંખો ત્રાંસી કરીને જોયું.
“ઓહ, તો એમ વાત છે!” તેણે ગંકીને કહ્યું. “હું તો તને મારો મિત્ર સમજતો હતો.”



“હું છું,” ગંકીએ કહ્યું. “અને એમનો પણ મિત્ર છું. શું હું તમારાં બધાનો મિત્ર ન બની શકું?”
“ના, તું નહીં બની શકે,” નજાનૂએ કહ્યું. “જો તું છોકરી-માઇટ્સનો મિત્ર છે, તો તું પોતે પણ છોકરી-માઇટ જ થયો. આ જ ક્ષણે એમની સાથે રમવાનું બંધ કર.”
“હું શા માટે બંધ કરું?”
“હું કહું છું કે એમની સાથે રમવાનું બંધ કર, નહીં તો તું મારી સાથે ફરી ક્યારેય રમી શકીશ નહીં.”



“મને તેની જરાય પરવા નથી!” ગંકીએ કહ્યું.
“અને હું તો તારી ભેટ પી-વી અને ટિંકલને આપી દઈશ!”
નજાનૂએ ગુસ્સાથી મુઠ્ઠીઓ ભીંસી અને છોકરી-માઇટ્સ તરફ ધસી ગયો. ગંકી તરત જ તેની આગળ આવી ઊભો રહ્યો અને તેના જડબામાં એક જોરદાર મુક્કો ઝીંકી દીધો. બંને વચ્ચે ઝપાઝપી શરૂ થઈ ગઈ. પી-વી અને ટિંકલ એટલી ડરી ગઈ કે ત્યાંથી દોડતી ભાગી ગઈ.
“એટલે તે એ છોકરીઓના કારણે જ મને જડબામાં મુક્કો માર્યો?” નજાનૂએ ગંકીના નાક પર ઘૂંસો ઝીંકતાં કહ્યું.



"
તું એમના વિશે આવી ખરાબ વાતો શા માટે કરતો હતો?" ગંકીએ મુઠ્ઠીઓ હલાવતાં કહ્યું.
"વાહ! બહુ મોટો બહાદુર બન્યો છે ને!" નજાનૂએ કહ્યું અને તેણે પોતાના મિત્રના માથા પર એટલો જોરથી મુક્કો માર્યો કે ગંકી લગભગ પડી જ ગયો. જરા સંભળી ગયો પછી ગંકી ત્યાંથી દોડી ગયો.
"આજથી તારી અને મારી દોસ્તી ખતમ! હવે હું તારી સાથે ક્યારેય નહીં રમું!" નજાનૂએ તેની પાછળ બૂમ પાડી.
"ન રમતો!" ગંકીએ પાછળથી જવાબ આપ્યો. "સમાધાન કરવા માટે સૌથી પહેલાં તું જ મારી પાસે આવીશ."
"ના, હું નહીં આવું. અમે તો બલૂનમાં બેસીને દૂર હવામાં સફર કરવા જઈ રહ્યા છીએ!"
"હા, છાપરેથી નીચે જમીન પર જ સફર કરજો!"
"છાપરેથી નીચે તો તું જ પડીશ!" નજાનૂ બૂમ પાડતો બોલ્યો અને રબરનો રસ એકત્ર કરવા ચાલ્યો ગયો.
જ્યારે પીપડું કાંઠે સુધી ભરાઈ ગયું, ત્યારે જાનૂએ તે રસને સારી રીતે હલાવ્યો અને ટ્વિસ્ટમને મોટરના ટાયરમાં હવા ભરવા માટે જે પંપ વાપરતો હતો તે લાવવા કહ્યું. જાનૂએ પંપની સાથે એક લાંબી રબરની નળી બાંધી, તેના ખુલ્લા છેડાને રબરના રસથી ચોપડ્યો અને ટ્વિસ્ટમને ધીમે ધીમે પંપ ચલાવવાનું કહ્યું.
ટ્વિસ્ટમ પંપ ચલાવવા લાગ્યો તેમ તેમ તે રસ સાબુના પરપોટાની જેમ ફૂલવા લાગ્યો. જાનૂ સતત તે પરપોટાને ચારે બાજુથી રબરના રસથી ચોપડતો રહ્યો અને ટ્વિસ્ટમ પંપ ચલાવતો રહ્યો. ધીમે ધીમે તે પરપોટો એક મોટા બલૂનમાં ફેરવાઈ ગયો.



તે એટલો મોટો થઈ ગયો કે તેની ચારે બાજુ રબરનો રસ ચોપડવો શક્ય રહ્યું નહીં. તેથી તેણે બીજા માઇટ્સને બ્રશ લઈને તેની મદદ કરવા કહ્યું. બધા કામે લાગી ગયા.

નજાનૂ સિવાય દરેકને કંઈક ને કંઈક કામ મળી ગયું. નજાનૂ તો ફક્ત બલૂનથી સલામત અંતરે તેની આસપાસ ચક્કર મારતો, સીટી વગાડતો અને વચ્ચે વચ્ચે પોતાની જાત સાથે બબડતો રહેતો:


“આ તો ચોક્કસ ફાટશે... હવે કોઈ પણ ક્ષણે ધડાકા સાથે ફાટી જશે!”

પરંતુ બલૂન ફાટ્યું નહીં; તે તો દર મિનિટે વધુ ને વધુ મોટું થતું ગયું. થોડા જ સમયમાં તે એટલું મોટું થઈ ગયું કે માઇટ્સને તેની ઉપરની અને બાજુઓની સપાટી પર રબરનો રસ ચોપડવા માટે આંગણામાં ઊગેલી હેઝલની ઝાડી પર ચઢવું પડ્યું.

તેઓએ બે દિવસ સુધી સતત મહેનત કરી અને બલૂન એક ઘર જેટલું મોટું બની ગયું. ત્યારબાદ જાનૂએ હવા બહાર ન નીકળી જાય તે માટે તેના મુખને દોરી વડે મજબૂત રીતે બાંધી દીધું અને કહ્યું:

“હવે આપણે બીજું કામ કરીએ ત્યાં સુધી તેને અહીં જ સૂકાવા દઈએ.”

તેણે બલૂનને હેઝલની ઝાડી સાથે બાંધી દીધું જેથી પવન તેને ઉડાવીને લઈ ના જાય. પછી તેણે માઇટ્સને બે જૂથોમાં વહેંચી દીધા. એક જૂથને તેણે રેશમના કીડાના કોશ એકત્ર કરીને એક મોટી રેશમી જાળી બનાવવાનું કામ સોંપ્યું, જ્યારે બીજા જૂથને ભોજપત્રની છાલમાંથી એક મોટી ટોપલી બનાવવાનું કામ સોંપ્યું.



જાનૂ અને તેના મિત્રો પોતાના કામમાં વ્યસ્ત હતા ત્યારે ફૂલનગરના બાકીના માઇટ્સ ઝાડી સાથે બંધાયેલા બલૂનને જોવા આવવા લાગ્યા. દરેક તેને અડકવા માંગતા હતા, અને કેટલાક તો તેને ઊંચકવાનો પ્રયત્ન પણ કરતા હતા.
“આ તો બહુ હલકું છે,” તેઓ કહેતા. “તેને તો એક જ હાથથી ઊંચકી શકાય.”
“હા, હલકું તો છે, પણ મને ડર છે કે તે ક્યારેય હવામાં ઊડશે નહીં,” સિંકર નામના એક માઇટે કહ્યું.
“એમ શા માટે?” બીજાઓએ પૂછ્યું.
“જો તે ખરેખર પૂરતું હલકું હોત, તો અત્યારે જ ઊડી ગયું હોત, અહીં જમીન પર પડ્યું ન હોત,” સિંકરે કહ્યું. "તે એટલું ભારે છે કે હલકું બની જ નથી શકતું."
માઇટ્સે આ વાત પર થોડું વિચાર્યું.
“હં, વાત તો સાચી લાગે છે,” તેઓ બોલ્યા. “તે ખરેખર બહુ ભારે છે. જો તે હલકું હોત, તો અત્યાર સુધીમાં ઊડી ગયું હોત.”
તેઓ જાનૂને પ્રશ્નો પૂછવા લાગ્યા, પરંતુ જાનૂ માત્ર એટલું જ કહેતો:
“થોડો સમય રાહ જુઓ. ટૂંક સમયમાં બધું સ્પષ્ટ થઈ જશે.”
આ જવાબથી તેમની શંકા વધુ વધી ગઈ, અને સિંકર આખા શહેરમાં ફરી ફરીને નિરાશાજનક અફવાઓ ફેલાવવા લાગ્યો.
“ભલા, એ બલૂનને ઊડાવી શકે એવી કોઈ વસ્તુ હોઈ જ કેવી રીતે શકે?” તે કહેતો ફરતો.





"
કંઈ જ નહીં. પક્ષીઓ તેમની પાંખોના કારણે ઉડે છે, પરંતુ આ બલૂનને ઉડાવી શકે એવી કોઈ વસ્તુ નથી. તે તો માત્ર નીચે જ પડી શકે."

થોડા જ સમયમાં કોઈને પણ બલૂન પર વિશ્વાસ રહ્યો નહીં.

તેઓ તેની મજાક ઉડાવવા લાગ્યા. તેઓ જાનૂના ઘરે આવતા, વાડની ઉપરથી અંદર જોતા અને કહેતા:

"જુઓ, જુઓ! બલૂન ઊડી રહ્યું છે! હા, હા, હા!"

પરંતુ જાનૂએ તેમની ટીખળ પર જરાય ધ્યાન આપ્યું નહીં. જ્યારે રેશમી જાળી તૈયાર થઈ ગઈ, ત્યારે તેણે બધાંને તે બલૂન પર પાથરી દેવાનું કહ્યું.

"જુઓ!" વાડ પાસે ઊભેલા માઇટ્સ બૂમ પાડવા લાગ્યા. "તેઓએ બલૂનને જાળીમાં પકડી લીધું! તેમને ડર છે કે તે ઊડી ન જાય! હા, હા, હા!"

જાનૂએ પોતાના મદદગારોને બલૂન સાથે બાંધેલી દોરી પકડીને તેને હેઝલની ઝાડીની એક ડાળી સાથે બાંધવાનું કહ્યું, "જેથી તેઓ તેને જમીન પરથી ઉપાડી ઊંચે ખેંચી શકે."

સ્વિફ્ટી અને ટ્વિસ્ટમે તેમ કર્યું. પછી તેઓ હાથમાં દોરી લઈને ઝાડી પર ચઢી ગયા અને દોરી ખેંચવા લાગ્યા. આ જોઈને દર્શકો પહેલાં કરતાં પણ વધુ જોરથી હસવા લાગ્યા.

"હા, હા, હા! કેવું મજાનું બલૂન છે, જેને દોરીથી ખેંચીને ઉપર ચઢાવવું પડે છે!"

"હું કહું છું ને, તેઓ આમ જ કરશે," સિંકરે કહ્યું. "તેઓ બલૂન પર બેસી જશે અને તેને ઉપર લઈ જવા માટે દોરી ખેંચતા રહેશે!"

જ્યારે બલૂન જમીન પરથી ઊંચે ઉઠાવવામાં આવ્યું, ત્યારે જાળીના ચારેય ખૂણા નીચે લટકી રહ્યા હતા, અને જાનૂએ પોતાના મદદગારોને તે ખૂણાઓને ભોજપત્રની છાલમાંથી બનાવેલી ટોપલી સાથે બાંધી દેવાનું કહ્યું.





ટોપલો ચોરસ હતો અને તેની ચારેય બાજુએ બેસવા માટે બેઠકો બનાવેલી હતી. દરેક બેઠક પર ચાર માઇટ્સ બેસી શકતા હતા.

જ્યારે તેમણે જાળીને ટોપલાના ચારેય ખૂણાઓ સાથે બાંધી દીધી, ત્યારે જાનૂએ કહ્યું કે હવે બલૂન તૈયાર થઈ ગયું છે. સ્વિફ્ટીને લાગ્યું કે હવે તેઓ તેમાં ચડીને ઉડી જઈ શકશે, પરંતુ જાનૂએ કહ્યું કે પહેલાં દરેક માઇટ્સ માટે એક પેરાશૂટ બનાવવું પડશે.

“શા માટે?” નજાનૂએ પૂછ્યું.

“જો બલૂન ફાટી જાય તો? ત્યારે તમારે પેરાશૂટ લઈને કૂદવું પડશે.”

બીજો આખો દિવસ પેરાશૂટ બનાવવામાં પસાર થયો. જાનૂએ તેમને બતાવ્યું કે ડેન્ડેલિયનનાં ફૂલોનો ઉપયોગ કરીને પેરાશૂટ કેવી રીતે બનાવાય, અને દરેક પ્રવાસીએ પોતાનું પેરાશૂટ પોતે જાતે બનાવ્યું.

ફૂલનગરના લોકોએ હેઝલની ઝાડી સાથે શાંતિથી લટકતું બલૂન જોયું, અને તેઓ એકબીજાને કહેવા લાગ્યા:

“આ તો એમ જ લટકતું રહેશે, જ્યાં સુધી ફાટી ન જાય. આ બલૂનમાં બેસીને કોઈ ક્યાંય જવાનું નથી.”





“ તમે લોકો હજી સુધી નીકળ્યા કેમ નથી?” તેઓ વાડની ઉપરથી બૂમો પાડતા અને કહેતા. “જલ્દી કરો, બલૂન ફાટી જાય એ પહેલાં જ નીકળી પડો!”

“ચિંતા ન કરો,” જાનૂએ કહ્યું. “અમે કાલે સવારે આઠ વાગ્યે નીકળીશું.”

મોટાભાગના લોકો હસી પડ્યા, પરંતુ કેટલાક એવા પણ હતા જેમને લાગતું હતું કે કદાચ બલૂન ખરેખર ઊડી પણ શકે.

“જો ખરેખર ઊડી જાય તો?” તેઓ કહેતા. “આપણે કાલે સવારે ચોક્કસ અહીં આવીને જોવું જોઈએ.”







27 к.

